GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST.– VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY-DEC ,2018

Number 14



*My life is My Message*

PATRON

Dr R. A. Khimani

Chief Editor

Dr R. F. Thakor

Senior Scientist & Head

Editorial Team

Shri K. A. Patel

Shri A. R. Patel

Shri L. T .Kapur

Shri M. M. Gajjar

Support

Dr. B. M. Patel

Shri P. J. Joshi

Smt P. R. Ahir

Shri P. R. Patel

Half Yearly Newsletter
Published by

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
Phone No. :02633-260055
E-mail: kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## World Soil Day

International Union of Soil science has declared 5th December, 2018 as World Soil Day with a theme " BE THE SOLUTION TO SOIL POLLUTION". KVK– Valsad celebrated the world soil day at Kherlav village of Pardi block in collaboration with Agriculture department to aware the farmers about soil pollution and its solution. About 250 farmers were participated in this programme. Mr. K. A. Patel, Scientist of KVK appraised the farmers regarding present status of soil health in the district. Mr. L. T. Kapur, soil scientist of KVK expressed his views over factors responsible for soil pollution, its remedial measures and also urged to adopt the organic farming practices to maintain soil health. Dr D. K. Sharma, Research Scientist, Navsari Agriculture University, Paria guided the farmers about integrated nutrient management in mango crop.



On this occasion , Mr. K. T. Korat, Assistant Director, (Dept. of Agriculture) briefed the gathering about various schemes of organic farming implemented by state government. In her speech, Miss Pinki Patel, Area Manager of GSFC, emphasized on periodical testing of soil samples and efficient use of chemical fertilizers based on analysis.



Mr. A. R. Patel, Scientist of KVK inspired the farmers to adopt organic farming. A method demonstration on mini soil testing kit was also arranged to aware the farmers about soil testing. The progressive farmers Shankarbhai, Uttambhai, Kaushikbhai, Mukeshbhai, Rakeshbhai, etc. played an important role for successfully organizing of this programme.

## વિશ્વ જમીન દિવસ

વૈશ્વિક સ્તરે જમીન પ્રદુષણની સમસ્યાની ગંભીરતાને અનુલક્ષીને ઈન્ટરનેશનલ યુનિયન ઑફ સોઈલ સાયન્સિસ (આઈયુએસએસ) દ્વારા તારીખ ૫ મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ જાહેર કરેલ વિશ્વ જમીન દિવસ અંતર્ગત વલસાડ જીલ્લાના ખેડુતો જમીન પ્રદુષણ અંગે જાગૃત બની તેને અટકાવવાનો પ્રયત્નો કરે તે હેતુસર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી અને જીલ્લા ખેતીવાડી ખાતુ, વલસાડ ના સંયુકત ઉપક્રમે પારડી તાલુકાના ખેરલાવ ગામમાં કાર્યક્રમ ગોઠવવામાં આવેલ જેમાં આશરે ૨૫૦ જેટલા ખેડુતોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે અંભેટીના વૈજ્ઞાનિક કમલેશ પટેલે વિશ્વ જમીન દિવસ ઉજવણી કાર્યક્રમનો હેતુ સમજાવી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક લલિત કપુરે જમીન પ્રદુષણ અને તેની માનવ સ્વાસ્થ્ય પર થતી આડઅસરો અંગે વિસ્તૃત સમજ આપી તેને અટકાવવા સેન્દ્રિય ખેતી અપનાવવા ખેડુતોને સમજાવ્યા હતા. કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયાના વડા તથા સંશોધન વૈજ્ઞાનિક ડૉ. ડી. કે. શર્માએ ખેડુતોને આંબાના પાકમાં ન્યુનતમ રસાયણો વાપરવાની તાંત્રકિતા સમજાવી હતી. મદદનીશ ખેતી નિયામકશ્રી કેતનભાઈ કોરાટે ખેતીવાડી ખાતાની સજીવ ખેતી પ્રોત્સાહન યોજનાઓનો ખ્યાલ આપ્યો હતો. આ કાર્યક્રમમાં જીએસએફસીના પ્રતિનિધી પીંકી પટેલે ખેડુતોને રાસાયણિક ખાતરો પ્રમાણસર વાપરવા જમીન ચકાસણી અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. કેવિકે અંભેટીના વૈજ્ઞાનિક અરવિદભાઈ પટેલ દ્વારા ખેડુતોને સજીવ ખેતી અપનાવવા સમજાવ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક લલિત કપુરે મીની સોઈલ ટેસ્ટીંગ કીટનું મેથડ ડેમો બતાવી ખેડુતોને જમીન ચકાસણી કરાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ખેરલાવ અને અંબાચ ગામના અગ્રણી ખેડુત શ્રી ઉત્તમભાઈ, શંકરભાઈ, કૌશિકભાઈ, મુકેશભાઈ અને રાકેશભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

કિસાન કોલ સેન્ટર ૧૫૫૧ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧

## Major Events

## ખાસ કાર્યક્રમની ઝલક

### Mahila Kisan Divas

Mahila Kisan Divas was celebrated at KVK on 15/10/2018 in which 96 women were participated. Member of district panchayat Smt Ratanben, Prof. Alkaben, Sarpanch Smt Kusumben and KVK experts guided participants on women empowerment. A small exhibition on income generation activities was also arranged on this occasion.



### મહિલા કિસાન દિવસ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા. ૧૫, ઓકટોબર,૨૦૧૮ના રોજ મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ૯૬ બહેનોએ ભાગ લીધો હતો. જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી રતનબેન, પ્રોફેસર શ્રીમતિ અલ્કાબેન, સરપંચશ્રી કુસુમબેન, કેવીકેના ગૃહ વૈજ્ઞાનિક પ્રેમીલાબેન વગેરે દ્વારા મહિલા સશક્તિકરણ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. આ પ્રસંગે સ્વરોજગાર માટે વિવિધ પ્રવૃત્તિઓનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ.

### Kisan Divas

Kisan Divas was celebrated at Karjun village of Kaprada in collaboration with Jashoda Narottam Trust. About 157 farmers were participated. KVK scientists guided farmers on organic farming and eco friendly pest and disease management. Member of Taluka panchayat and Sarpanch inspired the farmers to adopt latest agriculture technologies.



### કિસાન દિવસ

કિસાન નેતા માનનીયશ્રી ચરણસિહ ચૌધરીના જન્મદિવસ નિમિતે કપરાડા તાલુકાના કરજૂન ગામે જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી કિસાન દિવસનું આયોજન કરવામાં આવેલ. જેમાં અંદાજીત ૧૫૭ ખેડુતોએ ભાગ લીધેલ. કાર્યક્રમમાં કેન્દ્રના તજજ્ઞો દ્વારા કૃષિ વિષયક માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું. તાલુકા પંચાયત સભ્ય, સરપંચશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### Field day on Dapog method

Dapog method of nursery raising of paddy was demonstrated at Ozar village of Valsad block to raise nursery without rabbing practice. Field day was organized to share the result and feedback of this technologies among the villagers. About 150 farmers were participated in this programme.



### ડેપોગ પધ્ધતિ અંતર્ગત ક્ષેત્રદિન

જમીન પર આદર કર્યા સિવાય ડાંગરનું તંદુરસ્ત ધરૂ તૈયાર કરવા માટે ડેપોગ પધ્ધતિના અખતરા વલસાડ તાલુકાના ઓઝાર ગામે ગોઠવેલ જેના સારા પરિણામો અને પ્રતિભાવો ગામના અન્ય ખેડુતો સુધી પહોંચે તે માટે ખેડુતના ખેતરે ક્ષેત્ર દિનની ઉજવણી કરવામાં આવેલી જેમાં અંદાજીત ૧૫૦ ખેડુતોએ હાજરી આપી હતી.

### Cattle Health Camp

About 7 Cattle camps were organized at Chival, Ambheti and Amdha villages during the month of July in which about 445 farmers were participated. Milk sample of about 454 cattle were tested for CMT. Out of which about 30% positive case of subclinical Mastitis were treated by KVK expert.



### પશુ સારવાર કેમ્પ

જુલાઈ માસ દરમ્યાન ચીવલ, અંભેટી અને આમધા ગામોમાં સાત જેટલા પશુ સારવાર કેમ્પ ગોઠવવામાં આવ્યા. જેમાં કુલ ૪૪૫ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. કેન્દ્રના તજજ્ઞ ડૉ. બી. એમ. પટેલ દ્વારા અંદાજીત ૪૫૪ જેટલા પશુઓને સીએમટી ટેસ્ટ કરી મસ્ટાઈટીસમાં સપડાયેલ અંદાજે ૩૦ ટકા પશુઓને સારવાર આપવામાં આવી.

### Swachh Bharat Abhiyan

Under the Swachh bharat Abhiyan different programmes under Swachhta Hi Seva were organized during 16- 30 Sept., 2018 and Swachhta Pakhavada during 16-31 Dec.,2018. About 12 programmes at KVK as well as village level on Awareness compaign, Sapath for Swachchta, cleaning of office premise and surrounding area, bio-waste management, etc. were organized in which more than 465 participants were participated.





### સ્વચ્છ ભારત અભિયાન

કેન્દ્ર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ તા. ૧૬થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન સ્વચ્છતા હી સેવા અને તા.૧૬ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન સ્વચ્છતા પખવાડા અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેમાં કેવીકે તથા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા જાગૃતિ ઝુંબેશ, સ્વચ્છતા શપથ, સંકુલ તથા આજુબાજુના વિસ્તારમાં સફાઈ કામ, ખેતરના કચરામાંથી કમ્પોસ્ટ ખાતર બનાવવા વિશે જાણકારી, વગેરે જેવા ૧૨ જેટલા કાર્યક્રમોમાં કુલ ૪૬૫ ખેડુતો અને કેન્દ્રના સેવકોએ ભાગ લીધેલ.

## Front line Demonstrations

**Paddy :**
Front line demonstrations on Paddy was conducted on 24 ha. (120 farmer) of Dhodhadkuva, Panchlai, sadadvera and Asma villages during Kharif – 2018. Field day was organized at Sadadvera village in which 122 farmers and extension personal were participated. The demonstrated variety GAR - 13 gave 32.72 % higher yield than check .



**Fingermillet :**
Fingermillet var. Guj. Nagli 8 was demonstrated in 16 ha (80 farmers) in Kharif season. A field day was organized at Gavatka in which 99 farmers were participated. There was 16.93% increase in yield in demonstrated variety.



**Pigeonpea :**
Under National Food security mission (NFSM) on Pulses cluster front line demonstrations on Pigeon pea was conducted on 20 ha. (50 farmer) of Dhodhadkuva, Nani vahiyad, Panchlai and Arnai villages during Kharif – 2018. Field day was organized at Panchlai village in which more than 90 farmers and extension personal were participated. The demonstrated variety BDN – 711 gave 42.08 % higher yield than check .



**Sweetpotato :**
Sweetpotato variety Selection-71 was demonstrated on 17 farmers' field in Hanmatmal and Rajpuri village of Dharampur block. There was 21.56% increase in yield in demo var. as compared to local variety.



**Bittergourd :**
FLD on bittergourd var. F1 hybrid Akash was organized on 2.5 ha (25 farmers) in Gorakhada and Avadha village. Field day was organized at Gorakhada in which 127 farmers were participated. There was 18.23% increased in yield as compared to farmers' practice.



## અગ્ર હરોળ નિદર્શનો

**ડાંગર :**
અગ્ર હરોળ નિદર્શન અંતર્ગત ચોમાસુ ઋતુમાં ધોધડકુવા, પંચલાઇ, સાદડવેરા અને આસ્મા ગામે ૨૪ હે. વિસ્તારમાં (૧૨૦ ખેડુતો) ડાંગર પાકના નિદર્શનો ગોઠવવામાં આવ્યા. જે અંતર્ગત સાદડવેરા ગામે ક્ષેત્ર દિનની ઉજવણી કરવામાં આવી જેમાં ૧૨૨ ખેડુતો અને વિસ્તરણકર્તાઓએ ભાગ લીધો. નિદર્શિત જાત જી.એ.આર. –૧૩ માં ૩૨.૭૨ નો વધારો જોવા મળ્યો.

**નાગલી :**
કપરાડા તાલુકાના અંતરિયાળ ગામોમાં ૧૬ હે. વિસ્તારમાં ૮૦ ખેડુતોના ખેતરે ગુ. નાગલી –૮ જાતના નિદર્શનો ગોઠવવામાં આવેલ. ગવટકા ખાતે યોજાયેલ ક્ષેત્ર દિનમાં ૯૯ ખેડુતોએ ભાગ લીધેલ. નિદર્શિત જાતમાં ૧૬.૯૩ જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

**તુવેર :**
રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મીશન અંતર્ગત ચોમાસુ ઋતુમાં ધોધડકુવા, નાની વહિયાળ, પંચલાઈ અને અરણાઇ ગામે ૨૦ હે. વિસ્તારોમાં (૫૦ ખેડુતો) તુવેર પાકના નિદર્શનો ગોઠવવામાં આવ્યા હતા. જે અંતર્ગત પંચલાઇ ગામે ક્ષેત્ર દિનની ઉજવણી કરવામાં આવી જેમાં ૯૦ કરતા વધુ ખેડુત સહયોગીઓ અને વિસ્તરણકર્તાઓએ ભાગ લીધો. નિદર્શિત જાત બી.ડી.એન. – ૭૧૧ માં ૪૨.૦૮ ટકા નો વધારો જોવા મળ્યો.

**શક્કરીયા :**
ધરમપુર તાલુકાના હનમતમાળ અને રાજપુરી ગામે શક્કરીયાની સિ. ૭૧ જાતના ૧૭ ખેડુતોના ખેતરે નિદર્શન ગોઠવવામાં આવેલ. જેમાં દેશી જાત કરતાં નિદર્શિત જાતમાં ૨૧.૫૬ ટકા જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

**કારેલા :**
ધરમપુર તાલુકાના ગોરખડા અને આવધા ગામે ૨૫ ખેડુતોના ખેતરે ૨.૫ હે વિસ્તારમાં કારેલા પાકના અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવેલા. જે અંતર્ગત ગોરખડા ગામે ક્ષેત્ર દિનની ઉજવણી કરવામાં આવી જેમાં ૧૨૭ ખેડુતોએ ભાગ લીધો. જેમાં નિદર્શિત જાતમાં ઉત્પાદનમાં ૧૮.૨૩ ટકા જેટલો વધારો જોવા મળેલ.

## Demonstration on Rabi Crop (રવી પાક નિદર્શન)

| Crop<br>પાક | Variety<br>જાત | Area (ha)<br>વિસ્તાર (હે.) | No of farmers<br>ખેડુતોની સંખ્યા | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| **Gram**<br>ચણા | **GJG– 3**<br>જી.જે.જી ૩ | **20.00** | **98** | **Dhodhadkuva,, Pati, Sadavera**<br>ધોધડકુવા, પાટી, સાદડવેરા |
| **Indianbean**<br>વાલ | **Guj. Val. – 2**<br>ગુજ. વાલ. –૨ | **4.00** | **50** | **Panava, Ozar, Nanivahiyal, Mendha**<br>પાનવા, ઓઝર, નાનીવહીયાળ, મેણધા |
| **Sorghum**<br>જુવાર | **G. J. 38**<br>જી.જે. ૩૮ | **5.00** | **32** | **Dhodhadkuva, Asma**<br>ધોધડકુવા, આસ્મા |
| **Sugarcane**<br>શેરડી | **Con. 04131**<br>કો.એન. ૦૪૧૩૧ | **1.00** | **10** | **Dhodhadkuva, Kherlav**<br>ધોધડકુવા, ખેરલાવ |

## *Training Pogrammes*

### Mushroom

Two training programmes on mushroom cultivation were organized for 40 farm women for providing additional income. The spawn of mushroom, plastic bag, etc. were provided to trainees to initiate the mushroom cultivation.

### Bijamrut and Jivamrut

To create awareness about organic inputs, a four day practical training programme was organized for 25 nursery women of Kakadkopar village. They were trained on preparation of Bijamrut and Jivamrut from bio waste materials and their use in plug tray in small scale vegetable nursery by KVK experts.

### Bucket Drip Irrigation

Training programme on different techniques of water harvesting and efficient use of harvested water through micro irrigation system was organized. A gravity fed irrigation system is a cost effective way to irrigate with drip irrigation system for small sized crop area. Small drip kit contains specially designed drip irrigation system for 0.05 ha were provided to 19 trainees.

## *Extension Functionaries Training*

Four training programmes for extension functionaries were organized in the discipline Extension Education, Animal Science and Plant Protection. The VLWs of dept. of Agri., Paravet workers of Vasudhara dairy and field staff of JNPCT, Kaprada were trained.

## *NICRA Project*

Demonstration on Biofertilizer, Neem oil, Pseudomonas and Pheromone traps in paddy, Blackgram (G.U.1), Pigeonpea ( BDN-711), Chickpea (GJG-3), Indian bean (Guj. Val.2), Green fodder, mineral mixture as balance feed as well as vermicomposting for self employment of women were demonstrated in NICRA village Khuntali and Amdha.













## તાલીમ કાર્યક્રમો

### મશરૂમ

ગ્રામીણ મહિલાઓ મશરૂમની ખેતી અપનાવી પૂરક રોજગારી મેળવી શકે તે હેતુથી કેન્દ્ર દ્વારા બે તાલીમ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ જેમાં ૪૦ જેટલી બહેનોએ ભાગ લીધેલ. તાલીમાર્થીઓને પ્રત્યક્ષ તાલીમની સાથે મશરૂમનું બીયારણ, બેગ, વગેરે પુરા પાડી નિદર્શન ગોઠવવામાં આવ્યા.

### બીજામૃત અને જીવામૃત દ્વારા શાકભાજી ધરૂ ઉછેર

બીજામૃત અને જીવામૃત દ્વારા શાકભાજી ધરૂઉછેર અંગે કાકડકોપર ગામની ધરૂ ઉછેર કરતી ૨૫ મહિલાઓને ચાર દિવસીય પ્રાયોગિક તાલીમ આપવામાં આવી. કાર્યક્રમમાં ગુણવત્તાસભર બીજામૃત અને જીવામૃત બનાવવા અને તેની બીજમાવજત તેમજ ધરૂ ઉછેરમાં પ્લગ ટ્રે માં આ સેન્દ્રિય ખાતરોનો ઉપયોગ અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું.

### બકેટ ટપક પધ્ધતિ

પિયત માટે પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે વિવિધ સૂક્ષ્મ પિયત પધ્ધતિ વિશે ચાર દિવસીય તાલીમ ગોઠવવામાં આવેલ. જેમાં ૧૯ તાલીમાર્થીઓને ઓછી ખર્ચાળ એવી નાના પાક વિસ્તારમાં અનુકૂળ ગુરુત્વાકર્ષણ બળ આધારીત ટપક સિચાઈ માટેની કીટ પૂરી પાડવામાં આવી.

## વિસ્તરણકર્તા તાલીમ

કેન્દ્ર દ્વારા વિસ્તરણ શિક્ષણ, પશુપાલન અને પાક સંરક્ષણ વિષયોમાં કુલ ચાર તાલીમ ગોઠવવામાં આવી. જેમાં ખેતીવાડી ખાતાના ગ્રામ સેવકો, વિસ્તરણ અધિકારીઓ, વસુધારા ડેરીના કાર્યકરો તથા જશોદા નરોત્તમ ટ્રસ્ટના ફિલ્ડ કાર્યકરોને કેન્દ્રના તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી.

## નિકરા પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટના ગામો ખુટલી અને આમધામાં ડાંગરમાં જૈવિક ખાતર, નીમ ઓઈલ, સુડોમોનસ, ફેરોમેન ટ્રેપ, અડદ (ગુ.અ.૧), તુવેર (બીડીએન-૭૧૧), ચણા (જીજેજી-૩), વાલ (ગુ. વાલ -૨), લીલા ઘાસચારો અને પશુ આહાર માટે મીનરલ મિક્સર તથા સ્વરોજગારી માટે વર્મીકમ્પોસ્ટ નિદર્શનો ગોઠવવામાં આવ્યા.

**BOOK- POST**

**To,**

____________________

____________________

____________________

____________________

**From-**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via Vapi
Ta. Kaparada, Dist. Valsad (Guj.) 396 191